પેજ 3

# ઓસ્કાર 2027 માટે મરાઠી ફિલ્મ 'ગોંધલ'ની પસંદગી

**99મા** એકેડેમી એવોર્ડ્સમાં ભારત તરફથી શ્રેષ્ઠ વિદેશી ફિચર ફિલ્મ વર્ગ માટે જશે

**આ** યાદીમાં 'અંગ' અને અમિતાભની 'ઇક્કિસ' જેવી ફિલ્મો પણ અંતિમ દાવેદારોમાં સામેલ હતી





મુંબઈ, તા. 18 (પીટીઆઈ): સંતોષ દાવાખર દ્વારા લિખિત અને નિર્દેશિત મરાઠી ફિલ્મ 'ગોંધલ'ને ઓસ્કાર 2027 માટે ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે. ફિલ્મ ફેડરેશન ઓફ ઇન્ડિયા (FFI) દ્વારા શુક્રવારે મુંબઈ ખાતે યોજાયેલી એક પત્રકાર પરિષદમાં આ અંગેની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી. 99મા એકેડેમી એવોર્ડ્સમાં 'બેસ્ટ ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મ' વર્ગ માટે ભારત તરફથી મોકલવા માટે દેશભરની વિવિધ ભાષાઓની કુલ 33 ફિલ્મોમાંથી 'ગોંધલ'ને પસંદ કરવામાં આવી છે. પસંદગી સમિતિના અધ્યક્ષ પી. શેષાદ્રીએ જણાવ્યું હતું કે, સમિતિએ છેલ્લા દસ દિવસમાં 14 હિન્દી અને 4 મરાઠી સહિત વિવિધ ભાષાઓની 33 શ્રેષ્ઠ ફિલ્મો નિહાળી હતી. આ યાદીમાં 'અંગ' અને અમિતાભ બચ્ચનની 'ઇક્કિસ' જેવી ફિલ્મો પણ અંતિમ દાવેદારોમાં સામેલ હતી, પરંતુ આખરે મરાઠી ફિલ્મ 'ગોંધલ'ની પસંદગી કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે, 'શ્વાસ' (2005), 'હરિશ્ચંદ્રાચી ફેક્ટરી' (2009) અને 'કોર્ટ' (2015) પછી ઓસ્કાર માટે ભારત તરફથી પસંદગી પામનારી આ ચોથી મરાઠી ફિલ્મ છે. 99મો ઓસ્કાર એવોર્ડ સમારોહ 14 માર્ચ, 2027ના રોજ યોજાશે.

**પરંપરાગત અને ધાર્મિક 'ગોંધલ' નૃત્યના મધ્યરાત્રિના ઉત્સવની પૃષ્ઠભૂમિ પર આધારિત છે ફિલ્મ**

ગામડાના પરંપરાગત અને ધાર્મિક 'ગોંધલ' નૃત્યના મધ્યરાત્રિના ઉત્સવની પૃષ્ઠભૂમિ પર આધારિત આ ફિલ્મની વાર્તા એક જ રાતમાં આકાર લે છે. ફિલ્મમાં મુખ્ય કલાકાર ઇશિતા દેશમુખે 'સુમન' નામની સ્ત્રીનું પાત્ર ભજવ્યું છે, જે પોતાના વિષમ લગ્નજીવનમાંથી છુટકારો મેળવવા તેના પ્રેમી સાથે મળીને એક યોજના બનાવે છે. ફિલ્મમાં શ્રદ્ધા, છળકપટ અને ભાગ્ય વચ્ચેની પાતળી રેખાને ખૂબ જ સુંદર રીતે વણી લેવામાં આવી છે. આ ફિલ્મમાં દિગ્ગજ સંગીતકાર ઇલૈયારાજાએ સંગીત આપ્યું છે, જ્યારે કિશોર કદમ, યોગેશ સોહાણી અને નિશાદ ભોઇરે મુખ્ય ભૂમિકાઓ ભજવી છે.

## સિદ્ધિવિનાયક મંદિરમાં દર્શન કરવા દીપિકા 'ગુજરાતી પટોળા' કુર્તી પહેરીને પહોંચી



મુંબઇ, તા. 18: બોલીવુડનું સ્ટાર કપલ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ પોતાના બીજા બાળકના આગમન પહેલા સિદ્ધિવિનાયક મંદિરમાં બાપ્પાના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. મંદિરે પહોંચેલી ગર્ભવતી દીપિકાના ટ્રેડિશનલ અવતારે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ડિઝાઇનર મયૂર ગિરોત્રાના ગલગોટા પીળા રંગની 'ગુજરાતી પટોળા' કુર્તી અને પર્પલ પાયજામામાં તે અત્યંત રાજસી લાગતી હતી. તેના ગોલ્ડન ટિશ્યુ દુપટ્ટા અને એન્ટિક ઝરીના કામથી લુક વધુ નિખરી ઉઠ્યો હતો. તો બીજી તરફ રણવીરે પણ મેચિંગ પર્પલ કુર્તો પહેરીને પરફેક્ટ કલર-કોઓર્ડિનેશન સેટ કર્યું હતું. તાજેતરમાં જ પોતાની પુત્રી દુઆના બીજા જન્મદિવસે મેટરનિટી ફોટોશૂટ શેર કરનાર આ કપલનો આ રોયલ દેખાવ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે!

## લાલબાગચા રાજાના દરબારમાં રણવીર સિંહ: ૧૦૦૦ દીકરીઓનો ભણતરનો ખર્ચ ઉઠાવશે



મુંબઈ, તા. 18: બોલીવુડના 'ધુરંધર' સ્ટાર રણવીર સિંહે મુંબઈના પ્રખ્યાત લાલબાગચા રાજા પંડાલની મુલાકાત લઈ ગણપતિ બાપ્પાના દર્શન કર્યા હતા. પોતાની ફિલ્મોની સફળતા અને પત્ની દીપિકાની બીજી પ્રેગ્નન્સી અંગે આભાર માનતા તેણે ચાહકો સાથે સેલ્ફી પણ લીધી હતી. આ શુભ અવસરે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે, રણવીરે 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ 1000 દીકરીઓના શિક્ષણનો ખર્ચ ઉઠાવવાનો મોટો સંકલ્પ લીધો છે. સફેદ કુર્તામાં પોતાના આગામી પ્રોજેક્ટ 'પ્રલય'ના લુકમાં સજ્જ રણવીરની આ ઉમદા પહેલના ખૂબ વખાણ થઈ રહ્યા છે.

## લાલબાગચા રાજાના દર્શને પહોંચેલા સલમાન ખાનની કાર ઘેરાઈ: સલમાને બાળકોની મદદ કરી



મુંબઈ, તા. 18: અભિનેતા સલમાન ખાન ગુરુવારે સાંજે મુંબઈના પ્રખ્યાત લાલબાગચા રાજાના દર્શને પહોંચ્યો હતો. જોકે, તેની આગમન વેળાએ ચાહકોની ભારે ભીડ તેની કાર પાસે ઉમટી પડી હતી, જેનાથી સ્થિતિ થોડી તણાવપૂર્ણ બની હતી. વાયરલ વીડિયોમાં ભીડ વચ્ચે કાર નીકળતી વખતે કેટલાક લોકોને પગમાં ઈજા પહોંચી હોવાનું દેખાય છે, જેનાથી અકસ્માત અંગે સવાલો ઊઠ્યા છે. બીજી તરફ, ભીડમાં ધક્કામુક્કીનો ભોગ બનેલા નાના બાળકોને જોઈ સલમાને તુરંત જ પોતાના બોડીગાર્ડ્સને મદદ કરવા ઈશારો કર્યો હતો અને બાળકોનું રક્ષણ કરી તેમને ઉષ્માભેર મળ્યો હતો. બ્લેક આઉટફિટ, બીની કેપ અને તિલક સાથેના તેના આ લુકની ભારે ચર્ચા થઈ રહી છે.

## મોદીના જન્મદિવસે આલિયા-રણબીરે 20 શાળાઓનું નવીનીકરણ કરવાનો સંકલ્પ લીધો



મુંબઈ, તા. 18: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 76મા જન્મદિવસે બોલીવુડ અભિનેત્રી આલિયા ભટ્ટ અને તેના પતિ રણવીર સિંહે 'સેવા સંકલ્પ અભિયાન'ને સમર્થન આપતા 20 શાળાઓનું પુન:નિર્માણ કરવાનો નિર્ણય લીધો છે. આલિયાએ સોશિયલ મીડિયા પર પીએમ મોદીને સ્વાસ્થ્ય અને સમૃદ્ધિની શુભેચ્છાઓ આપતાં લખ્યું કે બાળકોના શ્રેષ્ઠ ભવિષ્ય અને શિક્ષણ માટે તેઓ આ સંકલ્પ લઈ રહ્યા છે. પીએમ મોદીના જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીનના નેતૃત્વ હેઠળ ઓક્ટોબરમાં આ અભિયાન શરૂ કરશે. બોલીવુડના કિંગ ખાન શાહરૂખ ખાને પીએમ મોદીને રાષ્ટ્રને પ્રેરણા આપતા રહેવાની અને સલમાન ખાને પણ 'જય હિંદ' સાથે જન્મદિવસની ઉષ્માભરી શુભેચ્છાઓ પાઠવી હતી.





# ઈરાન યુદ્ધ સમાપ્તિ તરફ આગળ વધી રહ્યું હોવાનો ટ્રમ્પનો સંકેત

**ઇરાન** કરાર કરવા માગે છે, અમેરિકા ઇરાની અધિકારીઓ સાથે સીધા સંપર્કમાં છે તેમ જણાવ્યું

**મધ્ય** પૂર્વમાં અમેરિકી લશ્કરી મથકોને થયેલા ભયંકર નુકસાનની તસવીરો બહાર આવી

વૉશિંગ્ટન, તા. ૧૮: આગામી સપ્તાહે યોજાનારી યુએન જનરલ એસેમ્બલી પહેલાં, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે ઈરાન કરાર કરવા માટે તૈયાર છે.

આ સાથે જ તેમણે યુદ્ધ પછીની વ્યૂહરચના ઘડી કાઢવા માટે ખાડી દેશોના નેતાઓ સાથે મહત્વપૂર્ણ વાટાઘાટોની તૈયારી કરી છે અને કહ્યું છે કે આ યુદ્ધ 'ટૂંક સમયમાં સમાપ્ત થશે.'

ટ્રમ્પે બુધવારે પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ આશા રાખે છે કે અમેરિકા ઈરાન સાથેની આ પરિસ્થિતિના અંત તરફ પહોંચી ગયું છે. પોતાના તાજેતરના પ્રવાસ દરમિયાન ઉત્તર કેરોલિનામાં જ્યારે એક પત્રકારે પૂછ્યું કે તેઓ હાલમાં સંઘર્ષના કયા તબક્કામાં હોવાનું અનુભવે છે, ત્યારે ટ્રમ્પે કહ્યું, 'સારું, આશા છે કે આપણે યુદ્ધના અંત તરફ છીએ.' ટ્રમ્પે ઉમેર્યું, 'તેઓ કરાર કરવા માંગે છે. જોઈએ કે આગળ શું થાય છે.' તેહરાન સાથે વાતચીત કરવા માટે કોઈ ત્રીજા પક્ષના મધ્યસ્થીઓ સહયોગ આપી રહ્યા છે કે કેમ તે અંગે પૂછવામાં આવતાં, ટ્રમ્પે બેકચેનલ ડિપ્લોમસીના વિચારને નકારી કાઢ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે અમેરિકા ઈરાની અધિકારીઓ સાથે 'સીધો' સંપર્ક સાધી રહ્યું છે.

# ઈરાનમાં લાખો લોકો અમેરિકા સામે લડવા સ્વયંસેવક તરીકે જોડાવા ઉમટ્યા

**મર્યાદિત** સૈન્ય તાલીમ મેળવવાના સરકારના અભિયાનમાં જોડાવા છ લાખ લોકોએ નોંધણી કરાવી હોવાના અહેવાલ



કૈરો, તા. ૧૮(એપી): મહિનાઓ સુધી લા યુદ્ધ પછી સરકાર દ્વારા યોજવામાં આવેલા વિરોધ પ્રદર્શનમાં શુક્રવારે લાખો ઈરાનીઓ ઉમટી પડ્યા હતા અને ફેબ્રુઆરીમાં અમેરિકા અને ઈઝરાયેલે કરેલા હુમલા પછીના સૌથી મોટા પ્રદર્શનમાં હથિયાર ઉપાડવાની પોતાની તૈયાર હોવાનું વચન આપ્યું હતું.

"જાનફદાય-એ ઈરાન" અથવા "ઈરાન માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા" તરીકે ઓળખાતા આ અભિયાનમાં મર્યાદિત સૈન્ય તાલીમ મેળવવા અને દેશનું રક્ષણ કરવા માટે સ્વયંસેવક બનનારા લોકોની સંખ્યાના અંદાજ જુદા જુદા હતા.

# પાકિસ્તાનમાં શુક્રવારની નમાઝ સમયે મસ્જિદમાં આત્મઘાતી હુમલો: 21નાં મોત

**ખૈબર** પખ્તુનખ્વામાં બોમ્બ ભરેલી ગાડી દરવાજા સાથે અથડાવી આંતકી હુમલો, 100થી વધુ લોકો ઘાયલ

**આત્મઘાતી** હુમલાખોર સહિત 6 ત્રાસવાદીઓ માર્યા ગયા

**પીએમ** શહબાઝ અને રાષ્ટ્રપતિ ઝરદારી દ્વારા હુમલાની ટીકા

પેશાવર, તા. 18 (પીટીઆઈ): ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં આવેલા કોહાટ જિલ્લામાં એક મસ્જિદમાં શુક્રવારની નમાજ દરમિયાન થયેલા ભયાનક આત્મઘાતી વિસ્ફોટમાં ઓછામાં ઓછા 21 લોકોનાં મોત થયાં છે અને 100થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

પેશાવરથી આશરે 60 કિલોમીટર દૂર જૂની પોલીસ લાઈન પાસે આવેલી મસ્જિદમાં આ હુમલો થયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, એક આતંકવાદીએ વિસ્ફોટકોથી ભરેલું વાહન મસ્જિદના મુખ્ય દરવાજા સાથે અથડાવ્યું હતું, ત્યારબાદ ત્રાસવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ભારે ગોળીબાર થયો હતો. આત્મઘાતી બોમ્બર્સ અને સ્નાઈપર્સ સહિત 6 આતંકવાદીઓ માર્યા ગયા છે.

હુમલાની જવાબદારી સ્વીકારનાર 'ઈત્તેહાદ-ઉલ-મુજાહિદીન પાકિસ્તાન' એ હાફિઝ ગુલ બહાદુર ગ્રુપ, હરકત ઈન્કિલાબ-એ-ઈસ્લામી પાકિસ્તાન અને લશ્કર-એ-ઈસ્લામનું જોડાણ છે, જે એપ્રિલ ૨૦૨૫ માં બન્યું હતું.

પ્રાંતીય પોલીસ વડા ઝુલ્ફિકાર હમીદના જણાવ્યા અનુસાર, આ આત્મઘાતી હુમલામાં 15 પોલીસ જવાનો સહિત 26 લોકોએ જીવ ગુમાવ્યા છે. ગોળીબાર દરમિયાન ત્રાસવાદીઓએ સ્પેશિયલ બ્રાન્ચની ઈમારત પાસે પણ બીજો ધમાકો કર્યો હતો. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે મસ્જિદની છત ધરાશાયી થઈ ગઈ હતી. 'ઈત્તેહાદ-ઉલ-મુજાહિદીન પાકિસ્તાન' નામના નવા ત્રાસવાદી સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી છે, જે એપ્રિલ 2025માં બનેલું આતંકી ગઠબંધન છે.

# અનિલ અંબાણી અને રિલાયન્સ કેપિટલ સામે CBIએ FIR દાખલ કરી

**LICનો** 2,684 કરોડની છેતરપિંડીનો આરોપ, રિલાયન્સ કેપિટલના 3900 કરોડના ડિબેન્ચર્સ ખરીદ્યા હતા

**વિશ્વાસઘાત** અને ભંડોળની હેરાફેરીના આક્ષેપ

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ): સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC) દ્વારા કરવામાં આવેલા રૂ. 2,684.57 કરોડની કથિત છેતરપિંડીના મામલે રિલાયન્સ કેપિટલ લિમિટેડ (RCAP), તેના ભૂતપૂર્વ ચેરમેન અનિલ અંબાણી, ભૂતપૂર્વ ગ્રુપ મેનેજિંગ ડિરેક્ટર સતીશ સેથ, અજાણ્યા જાહેર સેવકો અને અન્ય લોકો સામે એફઆઈઆર (FIR) નોંધી છે. સીબીઆઈના અધિકારીઓએ શુક્રવારે આ અંગેની સત્તાવાર માહિતી આપી હતી.

### અનિલ અંબાણીએ કોઇ પણ ગેરરીતિ આચરી હોવાનો ઇનકાર કર્યો

અનિલ અંબાણીના પ્રવક્તાએ આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, 'સીબીઆઇ દ્વારા નોંધવામાં આવેલી એફઆઇઆર રિલાયન્સ કેપિટલ લિમિટેડ સાથે સંબંધિત છે. અનિલ અંબાણી 2005થી નવેમ્બર 2021 સુધી રિલાયન્સ કેપિટલ લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર/ચેરમેન તરીકે કાર્યરત હતા, નવેમ્બર 2021માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને સુપરસીડ (બરખાસ્ત) કરીને એડમિનિસ્ટ્રેટરની નિમણૂક કરી હતી.' પ્રવક્તાએ ઉમેર્યું હતું કે, 'અંબાણી કોઈપણ પ્રકારની ગેરરીતિનો ઇનકાર કરે છે અને કાયદા હેઠળ ઉપલબ્ધ તમામ અધિકારો અનામત રાખે છે.'

# સ્પેમ કોલ્સ અને મેસેજ સામે ટ્રાઈએ નિયમો સખત કર્યા

**10** દિવસમાં 5થી વધુ શંકાસ્પદ નંબર ફ્લેગ થશે તો સેન્ડરની તપાસ કરાશે

**રોબોકોલ્સ** અને ઓટોડાયલિંગ માટે પૂર્વ મંજૂરી અને ચાર્જ ફરજિયાત

**A2P** કોલ્સ પર પ્રતિ મિનિટ 5 પૈસાનો ચાર્જ

### સ્પેમ ફરિયાદના નિરાકરણથી ગ્રાહક અસંતુષ્ટ હોય તો અપીલ કરી શકશે

સ્પેમ ફરિયાદના નિરાકરણથી ગ્રાહક અસંતુષ્ટ હોય તો 15 દિવસની અંદર 1909, ટ્રાઈની 'Do-Not-Disturb' એપ કે પોર્ટલ દ્વારા 'ટેલિકોમ કન્ઝ્યુમર કમ્પ્લેઇન્ટ રેડ્રેસલ રેગ્યુલેશન્સ 2012' હેઠળ અપીલ કરી શકશે. જો ગ્રાહક કોઈ કંપનીને પ્રોડક્ટ અંગે લેખિત કે ડિજિટલ પૂછપરછ કરશે, તો કંપની વધુમાં વધુ 7 દિવસ સુધી જ ફોલો-અપ મેસેજ/કોલ કરી શકશે.

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ): ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)એ શુક્રવારે અનિચ્છનીય વ્યવસાયિક સંદેશવ્યવહાર (UCC) એટલે કે અણગમતા સ્પેમ મેસેજ અને કોલ્સ પર લગામ લગાવવા માટે પોતાના નિયમો વધુ સખત બનાવ્યા છે.

નવા સુધારા અંતર્ગત ટ્રાઈએ શંકાસ્પદ સ્પેમ કોલ્સ અને મેસેજની ઓળખ કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ટેકનોલોજીનો નિયમનકારી માળખામાં સમાવેશ કર્યો છે, સાથે જ ગ્રાહકો માટે અપીલ કરવાની વ્યવસ્થા પણ શરૂ કરી છે.

ટ્રાઈ અને ટ્રુકોલર વચ્ચેના વિવાદ બાદ હવે સ્પષ્ટતા કરાઈ છે કે સ્પેમ રિપોર્ટિંગ સુવિધા આપતી એપ્સે ટેલિકોમ કંપનીઓ સાથે ડેટા શેર કરવો પડશે. વધુમાં, સેવાકીય કોલ્સ માટેની 1600/1601 અને પ્રમોશનલ કોલ્સ માટેની ૧૪૦ સિરીઝને એપ્લિકેશન્સ દ્વારા સીધા જ 'બ્લેન્કેટ બ્લોકિંગ' કે સ્પેમ ટેગ કરવા પર સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે, ગ્રાહકો પોતાની રીતે આ નંબરો બ્લોક કરવા સ્વતંત્ર રહેશે.

# બર્કશાયર હેથવેના અધ્યક્ષપદેથી અબજપતિ રોકાણકાર વૉરન બફેટનું રાજીનામુ

**૯૬** વર્ષીય બફેટ ૧૯૭૦થી આ હોદ્દા પર હતા, હવે 'ચેરમેન એમિરિટસ' બનશે

**કંપનીના** નવા અધ્યક્ષ તરીકે હવે તેમનો પુત્ર હોવાર્ડ કાર્યભાર સંભાળશે

ઓમાહા(અમેરિકા), તા. 18(એપી): વોરેન બફેટ એક લાખ કરોડ ડોલર ધરાવતી મલ્ટિનેશનલ કંપની બર્કશાયર હેથવેના અધ્યક્ષપદેથી નિવૃત્ત થઈ રહ્યા છે. તેઓ છેલ્લા 50 કરતાં પણ વધુ વર્ષોથી આ પદ પર સેવા આપી રહ્યા હતા.

કંપનીએ શુક્રવારે જણાવ્યું હતું કે 96 વર્ષીય બફેટ હવે 'ચેરમેન એમિરિટસ' બનશે અને તરત જ પોતાની આ નવી ભૂમિકા સંભાળશે.



લાંબા સમયથી ચાલી રહેલી ઉત્તરાધિકાર યોજનાના ભાગરૂપે તેમના પુત્ર હોવર્ડ બર્કશાયર હેથવેના નવા ચેરમેન બનશે. હોવર્ડ બફેટ 1993થી બર્કશાયર હેથવેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સામેલ છે.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,40,680/-
18 KT 1,15,060/- 14 KT 89,440/-
+91 95109 70230
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

